**રાજકોટના મહે. જ્યા એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ:રાજકોટ**

**<u>ફોજદારી કેસ નંબર : ૯૧૫/૨૦૧૬</u>**

**પ્રધ્યુમુનનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર ૨૨૩/૨૦૧૫**

**ફરિયાદી:–   સરકાર**

વિરુધ્ધ

**આરોપી:– ૧. સપનાબેન સોનુભાઈ સલાટ વિગેરે**

**//આંક ૧ લગત હુકમ//**

**(૧)...** રેકર્ડ વંચાણે લેતાં પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર **૨૨૩/૨૦૧૫** ભારતીય દંડ સંહિતાની કલમ ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાના કામે આરોપીઓ વિરુધ્ધ  વિરુધ્ધ ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૧૭૩ અન્વયે ચાર્જશીટ **<u>તારીખ ૧૬/૦૧/૨૦૧૬ ના રોજ</u>** દાખલ કરવામાં આવેલ છે. આરોપીઓને અવાર નવાર પ્રોસેસ કરતાં મળી આવેલ નથી.સદરહું કામના ફરિયાદીને નોટિસ કરતાં ફરિયાદી અરવીંદભાઈ નાગજીભાઈ નાગરેચાએ હાજર થઈ હાલનો કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમજ કોઈ પુરાવો આપવા માંગતા નથી. તેઓ આરોપી વિરુધ્ધનો ગુનો દરગુજર ( કમ્પાઉન્ડ ) કરવાની અને કેસ

આગળ ચલાવવા માંગતા ન હોવાની પુરસીસથી જાહેરાત કરેલ છે. ફરીયાદી/ભોગ બનનારને તેઓએ આપેલ પુરસીસ વાંચી સંભળાવી સમજાવતા સ્વૈચ્છાએ કબુલ મંજુર રાખેલ છે.

**(૨)...** ઉપરોકત બાબતે આ અદાલતે એ નિર્ણય કરવાનો છે કે આરોપી ને કેસનો સમન્સ બજેલ ન હોઈ, આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ ન હોય અને ફરીયાદી /ભોગ બનનારે આપેલ પુરસીસમાં આરોપીની સહી ન હોય તો પણ આ અદાલત આરોપી વિરુધ્ધનો ગુનો તેમની ગેરહાજરીમા કમ્પાઉન્ડ કરી શકે કે કેમ તે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ***નવનીતભાઈ રતીભાઈ અધ્યારુ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૮(૩) જીએલ.આર ૨૨૩૭****નો ચુકાદો વંચાણે લેતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે*

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦ માં કરેલ કોમ્પોઝીશનની જોગવાઈ એક પક્ષીય પ્રક્રિયા છે, દ્વીપક્ષીય ક્રિયા નથી.
૨. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦(૧) અને ૩૨૦(૨) મુજબ કોમ્પોઝીશનની અરજી સદર કલમના કોઠાની કોલમ નં. ૩ મા જણાવ્યા મુજબ ભોગ બનનાર વ્યકિત માત્રની સહીથી થઈ શકે.
૩. કોમ્પોઝીશનની અરજી ફરીયાદી/ભોગબનનાર તથા આરોપીની સંયુકત સહીથી આપવા માટે અદાલત ફરજ પાડી શકે નહીં.
૪. ક્રિ.પ્રો.કોડ કલમ ૩૨૦ મુજબની કોમ્પોઝીશનની અરજી ધ્યાને લેતાં

અદાલત આરોપીને હાજર રાખવા ફરજ પાડી શકે નહીં.

૫. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦ મા ગુનો કમ્પાઉન્ડ કરવાની ક્રિયા અદાલત ગુનાનું સંજ્ઞાન લે તે પહેલા ઈન્વેસ્ટીગેશનના સ્ટેજે પણ થઈ શકે.

(૩)... આમ ઉપરોકત ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંત ધ્યાને લીધા. સદર સિધ્ધાંત મુજબ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦ મુજબ ગુનો દરગુજર માફ ( કમ્પાઉન્ડ ) કરવા માટેની માફ કરવાની પુરસીસમાં આરોપીની સહી ફરજીયાત નથી તેમજ આરોપીની અદાલત સમક્ષ હાજરી પણ ફરજીયાત નથી તેમજ આરોપીને હાજર રાખવાની ફરજ પાડી શકાય નહી. તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૨૦ અન્વયે ચોરાયેલ મિલકતના માલીક ગુનો કમ્પાઉન્ડ કરી શકે. હાલના કેસમાં રોકડ રોકમ ચોરી થયેલ હોવાની અંગેની ફરિયાદ કરેલ છે પરંતુ આરોપી પાસેથી કોઈ રકમ કબજે કરેલ નહી હોવાનું ચાર્જશીટ ધ્યાને લેતાં જણાઈ આવે છે. ફરિયાદીએ માંડવાળ પુરસીસ રજુ કરેલ છે જેથી હાલની પુરસીસ સ્વીકારવાને પાત્ર છે. ફરીયાદની હકીકત ધ્યાને લેતા જો પુરસીસ ગ્રાહય રાખી કેસ ફૈંસલ કરવામા આવે તો અન્ય કોઈ વ્યકિતના હિતને નુકશાન થતું હોય તેમ જણાતું નથી. વધુમાં આરોપી ને હાજર રાખ્યા બાદ જ સમાધાન ગ્રાહય રાખવામા આવશે તે રીતે ફરજ પાડવામા આવે તો પણ કેસના પરિણામમાં કોઈ ફરક પડશે નહીં. ફરીયાદી/ ભોગબનનારે સ્વૈચ્છિક રીતે કમ્પાઉન્ડ માટેની અરજી

આપેલ હોઈ પુરસીસ રેકર્ડ કરી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**-:: હુકમ ::-**

આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૨૦(૧)(૮) અન્વયે તેમની સામે નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની **કલમ ૩૮૦,૧૧૪** મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ તારીખ ૯મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તારીખ : ૦૯/૦૯/૨૦૨૩** **(મોહંમદસલીમ હબીબખાન પઠાણ)**

**સ્થળ : રાજકોટ** **જીજે.૦૦૮૧૧**

**જ્યા એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ**

**રાજકોટ**